Part - 3

## અધ્યાય - ૩

## અભિનયની પરિભાષા અને પ્રભેદો

પ્રકરણ (૧) અભિનયની પરિભાષા

(૨) અભિનયના પ્રભેદો

(૩) અભિનયની વિભાવના નાટ્ય નૃત્ત તથા નૃત્યના સંદર્ભમાં.

પ્રકરણ (૧)

## અભિનયની પરિભાષા

ભરતમુનિ રચિત નાટ્યશાસ્ત્રનું મુખ્ય પ્રતિપાદ્ય અભિનય છે. આઠમા અધ્યાયથી ૩૬ સુધીના અધ્યાયો મુખ્યત્વે ચાર પ્રકારના અભિનયો પરત્વે છે. અધ્યાય ૮ થી ૧૩ અને અધ્યાય ૨૬ ચિત્રાભિનયનો મુકીએ તો આંગિક અભિનયના સાત અધ્યાયો વત્તા ચૌદમા અધ્યાયનો પ્રવૃત્તિ ભાગ, ૧૫ થી ૨૧ અને વૃત્તિનો અધ્યાય ૨૨ ઉમેરીએ અને ધ્રુવાવિધાનનો અધ્યાય ૩૨ લઇએ તો વાચિકના નવ, આહાર્ય અભિનયનો એક અધ્યાય તેત્રીસ, અને જો કે સાત્વિક અભિનય એવા નામથી જુદો અધ્યાય આવ્યો નથી, છતાં 'સામાન્યાભિનય' નામના ૨૪ માં અધ્યાયનો એ મુખ્ય વિષય છે. આમ શ્રી રસિકલાલ છો.પરીખ તેમની 'ભરતનું નાટ્યશાસ્ત્ર' પુસ્તિકામાં જણાવે છે તેમ ૩૬ માંથી ૧૯ અધ્યાયોમાં અભિનયનો વિષય નિરુપાયો છે. (પૃ.૧૨) નાટ્યશાસ્ત્રની ચૌખમ્ભા આવૃત્તિ પ્રમાણે ૩૬ અધ્યાયોની શ્લોક સંખ્યા લગભગ ૫૫૫૬ જેટલી છે, તેમાં ચાર અભિનયો માટે ૨૯૩૫ શ્લોકો - ૫૦ ટકાથી વધારે છે. આ ઉપરાંત છુટક છુટક બીજા અધ્યાયોમાં પણ સંખ્યાબંધ શ્લોકો અભિનયના ઉપદેશક છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નાટ્યશાસ્ત્રનું મુખ્ય પ્રતિપાદ્ય અભિનય છે. નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે -

આંગિકો વાચિકશ્ચૈવ આહાર્યઃ સાત્વિકસ્તથા ।
ચત્વારોઽભિનયા હ્યેતે યેષુ નાટ્યં પ્રતિષ્ઠિતમ્ ॥
(અધ્યાય ૬ / શ્લોક ૨૩)

આંગિક, વાચિક, આહાર્ય અને સાત્વિક આ ચાર અભિનયો છે, જેમાં નાટ્ય પ્રતિષ્ઠિત્ છે - અર્થાત્ જેમાં નાટ્ય રહેલું છે. આ કથન નાટ્યશાસ્ત્રનો મોટો ભાગ શેમાં રોકાયેલો છે તે ઉપરથી સમર્થિત થાય છે. (શ્રી રસિકલાલ પરીખ એજન પૃ.૧૨)

શ્રી હજારીપ્રસાદ દ્વિવેદી તેમના દશરુપક પરના હિન્દી પુસ્તકમાં સ્પષ્ટપણે જણાવે છે કે '' ભરતમુનિ રચિત નાટ્યશાસ્ત્ર ત્રણ પ્રકારના લોકોને દ્રષ્ટિમાં રાખી

લખાયો છે. 'દશરુપક' વિગેરે પરવર્તી ગ્રંથોની જેમ તે કેવળ નાટક લખનારા કવિઓ માટે માર્ગદર્શક ગ્રન્થ-માત્ર નથી. સાચું પુછો તો તે અભિનેતાઓ માટે અધિક છે., નાટ્યકારો અને નાટક સમજનારા સહૃદયો માટે ઓછો. જ્યાં સુધી 'નાટ્યશાસ્ત્ર'ને આ રુપમાં નહીં સમજવામાં આવે ત્યાં સુધી આ વિશાળ ગ્રન્થના મહત્વનો અનુભવ નહીં થઇ શકે. સૌથી પહેલાં નાટ્યશાસ્ત્ર' નાટકના અભિનેતાઓને દૃષ્ટિમાં રાખી લખવામાં આવ્યો. આ ગ્રન્થમાં કરણ, અંગહાર, ચારી વિગેરેની વિધિઓ જે વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી છે, નૃત્ય, ગીત અને વેશભુષાનું જે વિસ્તૃત વિવેચન છે તે પણ અભિનેતાઓને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું છે. રંગમંચનું વિધાન અભિનેતાઓની સુવિધાને દૃષ્ટિમાં રાખી કરવામાં આવ્યું છે. (નાટ્યશાસ્ત્રકી ભારતીય પરંપરા ઔર દશરુપક પૃ. ૨૨)

આધુનિકોએ નાટ્યશાસ્ત્રને અભિનેતાઓને અભિનયની તાલીમ આપતો ગ્રંથ માન્યો છે. ભાવ અને રસ, વિવિધ પાત્રો અને તેમની ભૂમિકા, પૂર્વરંગ, ધ્રુવાગાન, કક્ષ્યા, વૃત્તિ, પ્રવૃત્તિ, ધર્મીતા, સિધ્ધિ. આ તમામ નાટયાંગો અભિનયના અનુવર્તી છે એટલે નાટ્યશાસ્ત્રનું મુખ્ય પ્રતિપાદ્ય અભિનય છે એવા શ્રી રસિકલાલ છો. પરીખના વિધાન સાથે જરુર સંમત થઇ શકાય.

## 'અભિનય' શબ્દનો વ્યુત્પત્તિમુલક અર્થ

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના આઠમાં અધ્યાયમાં 'અભિનય' શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે સાધી છે.

'' અભીત્યુપસર્ગ: । ણીગિત્યય ધાતુ: પ્રાપણાર્થ: । અસ્યાભિનીત્યેવં વ્યવસ્થિતસ્ય એરજિત્યચ્પ્રત્યયાન્તસ્યાભિનય ઇતિ રુપં સિધ્ધમ્ ।''

અર્થાત્ અભિનય શબ્દમાં -

(૧) 'ણીઞ્' (ની) ધાતુ છે. આ ધાતુ પ્રાપણાર્થ એટલે કે લઇ જવું, દોરી જવું, સન્મુખ લાવવું, પહોંચાડવું એવો અર્થ ધરાવે છે.

(૨) અભિ ઉપસર્ગ છે જેના અર્થ થાય છે 'ની તરફ'

(૩) અચ્ પ્રત્યય છે જે પાણિનીય સૂત્ર એરચ્ (૩/૩/૫૬) અનુસાર લગાડવામાં આવ્યો

એટલે ભરતમુનિની દૃષ્ટિએ 'અભિનય' શબ્દનો વ્યુત્પત્તિમૂલક થાય છે 'ની તરફ દોરી જવું - લઇ જવું, સન્મુખ લાવવું.

અભિનયની પરિભાષા

'અભિનયની પરિભાષા 'આપતી બે આનુવંશ્ય આર્યાઓ ભરતમુનિએ આ પ્રમાણે ટાંકી છે.

અભિપૂર્વસ્તુ ણીઞ્ધાતુરાભિમુખ્યાર્થનિર્ણયે ।
યસ્માત્ પ્રયોગં નયતિ તસ્માદભિનય: સ્મૃત: ॥
(અધ્યાય ૮ / શ્લોક ૬)

અભિ ઉપસર્ગપૂર્વક ણીઞ્ ધાતુથી નિષ્પન્ન અભિનય શબ્દ છે જેનો અર્થ થાય છે તે પ્રયોગને મુખ્ય પ્રયોજનની તરફ લઇ જાય છે એટલે તે અભિનય કહેવાય છે. (બાબુલાલ શુક્લ શાસ્ત્રી) ણીઞ્ ધાતુ અને અભિ ઉપસર્ગથી પ્રયોગને (પ્રત્યક્ષ) તેના નિશ્ચિત અર્થ તરફ લઇ જવો તે અભિનય. (મનમોહન ઘોષ) ણીઞ્ ધાતુ છે અભિ ઉપસર્ગ છે. તેના દ્વારા નાટ્યપ્રયોગને તેના અંતિમ નિશ્ચિત અર્થ અને પ્રયોજન તરફ પ્રત્યક્ષ પ્રસ્તુતીકરણથી લઇ જવામાં આવે છે તેથી તેને અભિનય કહે છે. (જી.કે.ભટ) અભિપૂર્વક ણીઞ્ ધાતુનો અર્થ મુખ્યાર્થ નિર્ણયમાં પ્રયોગને લઇ જનારો એવો થાય છે. (કવિ નથુરામ સુંદરજી શુક્લ) નાટ્યના મુખ્ય અર્થ તરફ પ્રયોગને લઇ જાય છે માટે અભિનય. (કે.કા.શાસ્ત્રી)

આમ ઉપરોક્ત આર્યા પ્રમાણે (અભિનય) નાટ્યપ્રયોગને તેના મુખ્યાર્થ તરફ દોરી જાય છે તેથી તે અભિનય કહેવાય છે. જેમાં અભિ ઉપસર્ગ છે તથા ણીઞ્ ધાતુ છે.

વિભાવયતિ યસ્માચ્ચ નાનાર્થાન હિ પ્રયોગત: ।
શાખા અંગોપાંગ સંયુક્તસ્તસ્માદભિનય: સ્મૃત: ॥
(અધ્યાય ૮ / શ્લોક ૭)

પ્રયોગ દ્વારા શાખા-અંગ-ઉપાંગોની સાથે રહી અનેક પ્રકારના અર્થોની વિભાવના કરે છે માટે તે અભિનય કહેવાય છે. વિભાવયતિ શબ્દના વિવિધ અર્થો મળે છે. જેમ કે પ્રગટ કરવું (નથુરામ શુક્લ, રસિકલાલ પરીખ) સમજાવવું (મનમોહન ઘોષ) થી સભાન

કરવુ (જોડે.ભટ) નિર્દિષ્ટ કરવું, બતાવવું. (બાબુલાલ શુકલ શાસ્ત્રી)

ભરતમુનિએ 'અભિનય'નો આપેલો વ્યુત્પત્તિમૂલક અર્થ તથા તેના અનુસંધાનમાં અભિનયની પરિભાષા આપતા જે આર્યાઓ ટાંકી છે તેના આધારે આધુનિકોએ 'અભિનય'ની વિવિધ વ્યાખ્યાઓ આ પ્રમાણે આપી છે.

શ્રી જશવંત ઠાકરના કથન અનુસાર 'અભિ' ઉપસર્ગ અને 'ની' ધાતુમાંથી બનેલ આ શબ્દને ભરતમુનિ આ પ્રમાણે ઘટાવે છે, જે પદાર્થો અર્થને રજુ કરે છે અને પ્રયોગથી વિવિધ અર્થોને પ્રેક્ષકોના હૃદય તરફ દોરી જાય છે તેથી તેને અભિનય કહે છે. અભિનયનું કાર્ય અર્થોને તથા પદાર્થોને સંશયરહિત, નિર્ણયરુપે, દૃશ્યરુપે વ્યકત કરવાનું છે. અભિનયની શકિત એટલે કોઇ પણ હરકત વિના ભાવ-સંવેદન રજુ કરવાની શકિત - જે પ્રયોગ ધ્વારા નાટ્યરસનો અનુભવ કરાવવો. પોતે અનુભવેલ વસ્તુની-અર્થની, પદાર્થની કલાત્મક અનુકૃતિ (અનુકરણ નહિ) રુપ-પાત્રનું આંતર અને બાહ્ય સર્જન કરી, અનુભવેલ રસ કે ભાવ કે અર્થને પ્રેક્ષક સમક્ષ પ્રત્યક્ષ કરી બતાવવો તે અભિનય. (નાટ્ય શિક્ષણનાં મુળ તત્વો પૃ.૫૫, અભિનયકલા પૃ.૯૨)

શ્રી રસિકલાલ છો.પરીખના મત પ્રમાણે અભિનય પદના ની ધાતુ અને અભિ ઉપસર્ગ ઉપરથી વ્યુત્પન્ન કર્યા છે અને તેનો અર્થ અભિમુખ કરવું કે અભિમુખ લઇ જવું એવો કર્યો છે. પ્રયોગને કે પદાર્થોને સામાજિકો તરફ જે લઇ જાય છે તે અભિનય. પ્રયોગથી વિવિધ અર્થોને પ્રગટ કરે છે માટે તે અભિનય. (ભરતનું નાટ્યશાસ્ત્ર પૃ. ૨૧)

ડો.પનુભાઇ ભટ્ટના કથન પ્રમાણે અભિનય અભિન-ની પરથી બનેલો છે.અભિ-ના તરફ, ની દોરવું, લઇ જવું (અથવા ની સદૃશ ભાવ પેદા કરવો) અભિનયનું કાર્ય પ્રેક્ષકો સુધી નાટકને અભિવ્યકિત ધ્વારા લઇ જવાનું ને તેમાં ઓતપ્રોત કરવાનું છે.

(અભિનયદર્પણ-ગુજરાતી અનુવાદની પ્રસ્તાવના)

શ્રી ધીરુભાઇ ઠાકરના મત પ્રમાણે નટ કે નટી ધ્વારા થતી પ્રેક્ષક સુધી નાટ્યવસ્તુને પહોંચાડવાની ક્રિયાને અભિનય કહે છે. અભિ એટલે તરફ. ની-નય એટલે લઇ જવું. આ ક્રિયા કરનારને અભિનેતા કે અભિનેત્રી કહે છે. (નાટ્યકળા પૃ.૮૧)

ડો. રાઘવનના મતે અભિનય એને કહેવાય છે જે પદાર્થને પ્રેક્ષકો સુધી લઇ જાય છે. નટ વિવિધ રીતે નાટ્યને તેના અર્થ તથા ભાવો સહિત પ્રેક્ષક સુધી લઇ જાય છે.

( Sanskrit Drama in Performance Page - 22 )

શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિતના કથન પ્રમાણે મન, અંગ અને વાણી વિગેરે ધ્વારા હાવ, ભાવ, તેમજ લલિત અથવા ઉધ્ધત્ ચેષ્ટા વિગેરેનું પાત્ર ધ્વારા કલાત્મક ભાવપૂર્ણ પ્રદર્શન પ્રેક્ષકને પોતાની સાથે રસદેશમાં લઇ જાય છે., તેથી તે અભિનય કહેવાય છે. 'અભિનયમાં પાત્ર અનુકાર્ય રામ વિગેરેની અવસ્થા વિગેરેનું સજાત્ય અનુકરણ કરે છે. પોતાની આંગિક ચેષ્ટાઓ, વાણીનો સંતુલિત ઉપક્રમ, મનોવેગોની પ્રાન્જલ અભિવ્યંજના, યોગ્ય વેષવિન્યાસ તથા અવસ્થા અને પ્રકૃતિ અનુસાર તે કવિનિબધ્ધ પાત્રો તેમના વિચારો, ભાવો તથા કથાવસ્તુ વિગેરેને રુપાયિત કરે છે અને આ માધ્યમો ધ્વારા પ્રેક્ષકને રસાભિમુખ કરે છે તેથી તે 'અભિનયન' કરનારું પાત્ર અભિનેતા પણ હોય છે. '' શ્રી દીક્ષિતે ભરતમુનિએ ટાંકેલી અભિનય સંબંધી ઉપરોકત બે આર્યાઓનેં આધારે ઉપરોકત વિધાન કર્યાં છે.

(ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૩૪૬)

પં.સીતારામ ચતુર્વેદીના મત પ્રમાણે ણીઞ્ ધાતુમાં અભિ ઉપસર્ગ લગાવી અભિનય શબ્દ બન્યો છે જેનો અર્થ થાય છે પદ અથવા શબ્દના ભાવને મુખ્ય અર્થ સુધી પહોંચાડવો અર્થાત્ પ્રેક્ષકોના હૃદયમાં અનેક અર્થ અથવા ભાવ ભરવો. સાધારણ અર્થમાં કોઇ વ્યકિત અથવા અવસ્થાનું અનુકરણજ અભિનય કહેવાય છે. આ દૃષ્ટિએ કોઇની વાણી અથવા ક્રિયાનું અનુકરણ કરવું, તેના અનુસાર રુપ આકૃતિ અથવા વેષ બનાવવો તે સર્વ અભિનય કહેવાય છે. (ભારતીય તથા પાશ્ચાત્ય રંગમંચ પૃ. ૨૪૧)

ડો. શિવશરણ શર્માના કથન પ્રમાણે અભિ ઉપસર્ગપૂર્વક ણીઞ્ પ્રાપણે ધાતુમાં અચ્ પ્રત્યય જોડવાથી અભિનય શબ્દ નિષ્પન્ન થાય છે. તેનો અર્થ થાય છે નાટ્યપ્રયોગના અર્થને પ્રેક્ષકો સુધી લઇ જવો. (આચાર્ય ભરત પૃ.૧૫૩)

શ્રી રઘુવંશના મતે પ્રયોગના માધ્યમ વડે નાટ્યના અર્થનો પ્રત્યક્ષ નિશ્ચય કરાવો તે અભિનય. (નાટ્યકલા પૃ.૯૧)

ડો. દશરથ ઓઝાના કથન અનુસાર અભિનીસાથે ણી ધાતુનો અર્થ થાય છે સામે લાવવું. અભિનયનો અર્થ છે નાટકના પ્રયોગમાં શાખા, અંગ ઉપાંગ સહિત નાટકના પુરા ભાગને પ્રેક્ષકોની સામે લઇ જવો. અભિનય ધ્વારા નાટ્યના તાત્પર્યને પ્રેક્ષકોની સન્મુખ પહોંચાડવામાં આવે છે.

શ્રીમતી શાંતા ગાંધીના મતે નાટ્યના અર્થને પ્રેક્ષકો સુધી લઇ જવો તેનું નામ અભિનય. (A Sanskrit play in performance )

શ્રી જી.એચ.તાર્લેકર નાટ્યનું તાત્પર્ય, મુખ્યાર્થ પ્રેક્ષકો સુધી પહોંચાડવું તેને અભિનય કહે છે. અભિનય એ માધ્યમ છે કે જે કવિના અર્થને પૂર્ણપણે પ્રેક્ષકો સુધી લઇ જાય છે. (Studies in Nalyashastra Page -67 )

શ્રી જી.કે.ભટ્ટના મતે નાટ્યને પ્રેક્ષકો સુધી અભિનય ધ્વારા લઇ જવામાં આવે છે. નાટ્યને પ્રેક્ષકો સુધી લઇ જવું તેના વિષયવસ્તુ તથા અર્થને પ્રેક્ષકો સુધી પહોંચાડવો તેનું નામ અભિનય. ( Theatric Aspects of Sanskrit Drama Page-87 )

શ્રી આદ્ય રંગાચાર્યના કથન પ્રમાણે જે નાટ્યના અર્થને (પ્રયોગને) પ્રેક્ષકો સુધી લઇ જાય તે અભિનય. ( Introduction to BNS Page-28 )

શ્રી કે.એમ.વર્માના મતે અભિનય એ નટ ધ્વારા નાટ્યાર્થની પ્રેક્ષકોની ચેતનામાં થતી સંક્રાન્તિ છે. ( Natya, Nrtta and Nrtya Page-16 )

શ્રી પ્રમોદ કાળેના કથન અનુસાર જે નાટ્યપ્રયોગના તાત્પર્યને પ્રેક્ષકો સુધી લઇ જાય તે અભિનય. ( Theatric Universe Page - 177 )

ડો. પ્રેમલતા શર્માના મતે અભિનય ધ્વારા ભાવ તથા કર્મને અભિમુખ લાવવામાં આવે છે. (નાટ્યશાસ્ત્રમે ચારી વિધાન)

આમ વિવિધ આચાર્યોએ અભિનયની ભરતસંમત વિવિધ પરિભાષાઓ આપી છે. તેનો અભ્યાસ કરતાં જણાય છે કે અભિનયના મુખ્ય બે કાર્યો છે. (૧) નાટ્યપ્રયોગને તેના મુખ્યાર્થ તરફ લઇ જવો. નાટ્યમાં રસ સિવાય અન્ય કોઇ અર્થ પ્રવર્તતો નથી એવું ભરતમુનિનુ વિધાન છે એટલે નાટ્યપ્રયોગને રસાભિમુખ બનાવવો તે અભિનયનું પહેલું કાર્ય છે. ભરતમુનિની

દૃષ્ટિએ 'રસ'[1] એ પદાર્થરુપ છે, અનુભુતિરુપ નહિ. નટ અભિનય ધ્વારા અમૂર્ત ભાવો, વસ્તુઓને મુર્તતા અર્પણ કરે છે તેને પ્રત્યક્ષ બનાવે છે. નાટ્યપ્રયોગને મુખ્યાર્થ તરફ લઇ જવો એનો અર્થ એ કે નટ પોતાના અભિનય ધ્વારા વાકયાર્થને દૃશ્યરુપ આપી તેને રસનિષ્પત્તિને યોગ્ય બનાવે છે. નાટ્યકાર ધ્વારા શબ્દબધ્ધ પાત્રને નટ પોતાના મન, વાણી તથા કાર્ય ધ્વારા સજીવન કરે છે. વિભાવરુપ પાત્રને પોતાના અનુભાવો ધ્વારા મૂર્તિમંત કરે છે અને એ રીતે રંગમંચ ઉપર નાટ્યરસનું નિર્માણ કરે છે. નાટ્યપ્રયોગને રસાભિમુખ કરવો એ અભિનયનું પ્રથમ કાર્ય છે. મોટા ભાગના વિવેચકોએ આ અર્થનો સંકેત કર્યો નથી. તેઓએ બહુધા અભિનયનું દ્વિતીય કાર્ય (૨) નાટ્યના મુખ્યાર્થને પ્રેક્ષકો સુધી લઇ જવો - તેનો વિશેષપણે સ્વીકાર કર્યો છે. નટ પ્રેક્ષક સુધી નાટ્યપ્રયોગને લઇ જાય છે એ વાત સાચી પણ તે પહેલાં તેને દૃશ્યરુપ આપવું જરુરી છે. એટલે નાટ્યપ્રયોગને પહેલાં રસનિષ્પત્તિને યોગ્ય બનાવવો તે પ્રથમ કાર્ય અને તેવા નાટ્યપ્રયોગને પ્રેક્ષકો સુધી પહોંચાડવો તે બીજું કાર્ય છે. આમ ભરતમુનિ ધ્વારા નિરુપિત અભિનયની પરિભાષા અભિવ્યકિત તથા પ્રત્યાયન બંનેનો સમન્વય સાધે છે.

### અભિનયની પરિભાષા: અન્ય ગ્રંથોમાં

સંસ્કૃત નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં ભરતમુનિ નિરુપિત અભિનયની પરિભાષાનું પુનરાવર્તન જોવા મળે છે.

દશરુપકકારે 'અવસ્થાનુકૃતિર્નાટ્યં' અર્થાત્ અવસ્થાના અનુકરણને નાટય કહયું છે. (૧/૭) ધનિકની ટીકા અનુસાર કાવ્યમાં વર્ણિત જે ધીરોદાત્ત વિગેરે નાયકોની તથા અન્ય પાત્રોની અવસ્થાઓ છે, તેનું[1] અનુકરણ ધ્વારા, ચાર પ્રકારના અભિનયો ધ્વારા એવું અનુકરણ જે રામ-દુષ્યન્ત વિગેરે પાત્રોને યથાવત્ ઉપસ્થિત કરી શકે અને પ્રેક્ષકોમાં રામ-દુષ્યન્ત વિગેરે હોવાની પ્રતીતિ ઉત્પન્ન કરી શકે (તાદાત્મ્યાપત્તિ) તેને નાટ્ય કહે છે. આમ 'અવસ્થાનુકૃતિ' એ પદ ધ્વારા નટ ધ્વારા થતો પાત્રમાં પ્રવેશ તેમજ પાત્ર સાથે થતું નટનું અનુસંધાન- રુપથી અને મનથી સુચવાયું છે.

'નાટકલક્ષણરત્નકોષ' અનુસાર કવિના આશયને દર્શકો સન્મુખ પોતાની સાત્વિક, વાચિક તથા આંગિક ચેષ્ટાઓ ધ્વારા લઇ જવો તેને અભિનય કહે છે.

અભિનયો વ્યંજક: સત્ત્વવાંગનેપથ્યાંગકૈ: સહ ।
અભિમુખ્યં નયત્યર્થં દષ્ટુ: કવિવચ: સ્થિતમ્ ॥

(ના.લ. રત્નકોષ/૩૧૦)

'સાહિત્યદર્પણ' અનુસાર અવસ્થાના અનુકરણને અભિનય કહે છે.

ભવેદ્ અભિનય અવસ્થાઅનુકાર:

(સાહિત્યદર્પણ ૬/૧)

'નાટ્યદર્પણ' અનુસાર આભિમુખ્ય વડે અર્થાત્ સાક્ષાત્કારાત્મક રુપ વડે અર્થ જેના ધ્વારા સામાજિકો પાસે પહોંચાડવામાં આવે છે તેને અભિનય કહે છે.

સામાજિકાનામાભિમુખ્યેન સાક્ષાત્કારેણ નીયતે પ્રાપ્યતે અર્થો અને નેતિ અભિનય: ।

(નાટ્યદર્પણ/તૃતીયો વિવેક)

અભિનયનું કાર્ય

ભરતમુનિએ અભિનયના કાર્ય સંબંધી એક શ્લોક આ પ્રમાણે ટાંકયો છે.

આયુરનુરુપ: પ્રથમં તુ વેષો
વેષાનુરુપ ગતિપ્રચાર: ।
ગતિપ્રચારાનુગતં ચ પાઠ્યમ્
પાઠયાનુરુપ અભિનયસ્ય કાર્ય: ॥

(અધ્યાય ૧૪ /શ્લોક ૬૭)

સૌ પ્રથમ પાત્રના સ્વભાવ અને ઉંમરને અનુરુપ વેશ અને રંગભૂષા હોવી જોઇએ, તેને અનુરુપ હલનચલન અને ચેષ્ટા, તેને અનુરુપ અવાજ અને વાણી અને છેવટે તેને અનુરુપ ભાવની અભિવ્યકિત થવી જોઇએ.

શ્રી ધીરુભાઇ ઠાકરે તેમના 'નાટ્યકળા' પુસ્તક (પૃ.૮૧) માં આની સમજુતિ આપતાં જણાવ્યું છે કે આયુ એટલે ઉંમર. પહેલી વસ્તુ એ કે ઉંમરને અનુરુપ વેશ હોવો જોઇએ. નાટકના અમુક ચોકકસ હેતું માટે તેમાં ફેરફાર થાય તે અપવાદરુપ પરિસ્થિતિ

કહેવાય. વ્યવસાય આદિ બીજા કારણો ખરાં, પણ વેશનિર્ણય કરવામાં ઉંમરને ખાસ લક્ષમાં લેવી ઘટે એમ ભરતાચાર્યનું કહેવું છે. બીજી વસ્તુ એ કે વેશને અનુરુપ ગતિ એટલે ચાલવાની ઢબ હોવી જોઇએ. રોજ-બ-રોજ થતા વેશપલટા અનુસાર ગતિના ફેરફાર તરફ આપણું ધ્યાન જતું નથી. પણ અભિનયની વાત કરીએ ત્યારે એ ફેરફાર મહત્વનો બને છે. ચાલવાની ક્રિયા સાથે વાણીની ગતિનો ઘણો સંબંધ છે. માણસ ગુસ્સામાં બોલે ત્યારે તેની ચાલ ઝડપી બને છે. પ્રેમમાં ગતિ અત્યંત મંદ અને લગભગ સ્થિર થઇ જાય છે. એમ બોલચાલ એટલે કે પાઠ્ય અને ગતિ લગભગ અવિશ્લેષ્ય છે. બોલવાની વસ્તુ એટલે કે પાઠ્ય અનુસાર તેનો અભિનય હોય છે. શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, અદ્ભુત, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને શાન્ત એમ નવે રસ પ્રમાણે ભિન્ન ભિન્ન અભિનય પ્રવર્તે છે.

ભરતમુનિના ઉપરોક્ત શ્લોકને મળતો આવતો એક અન્ય શ્લોક નન્દીકેશ્વરના અભિનયદર્પણમાં મળે છે જે અભિનયનું કાર્ય સુચવે છે.

યતો હસ્તસ્તતો દૃષ્ટિર્યતો દૃષ્ટિસ્તતો મનઃ ।
યતો મનસ્તતો ભાવો યતો ભાવસ્તતો રસઃ ॥

(અભિનયદર્પણ /૩૭)

જ્યાં હાથ ત્યાં દૃષ્ટિ, જ્યાં દૃષ્ટિ ત્યાં મન (જાય છે), જ્યાં મન ત્યાં ભાવ અને જ્યાં ભાવ ત્યાં રસ (નો જન્મ થાય છે.)

## અભિનય: પરકાયા પ્રવેશ

ભરતમુનિએ 'પરકાયા પ્રવેશ'ને અભિનય વ્યાપારમાં આવરી લેતા જણાવ્યું છે કે

યથા જન્તુ સ્વભાવં એવં પરિત્યજ્યા અન્ય દૈહિકમ્ ।
તત્સ્વભાવ હિ ભજતે દેહાન્તરમુપાશ્રિતઃ ।
વેષેણ વર્ણકૈશ્ચૈવ છાદિતઃ પુરુષસ્તથા ।
પરભાવં પ્રકુરુતે યસ્ય વેષં સમાશ્રિતઃ ।

(અધ્યાય ૨૩/શ્લોક ૮૬-૮૭)

નટે વર્ણકોથી (રંગભૂષાથી) અને ભુષણથી (વેશભુષાથી) પાત્રનું જેવું રૈપ હોય તેવું, વય અને વેષમાં એના જેવુંજ, એનો જે સ્વભાવ હોય એને અનુરુપ, રુપ સજવું. પોતાનાં

HANSA MEHTA
PITH
5461

જે અન્ય દૈહિક લક્ષણો આદતો વિગેરે હોય તેનો ત્યાગ કરવો, અને જાણે કે પોતે જ પાત્રના દેહમાં પ્રવેશ કર્યો હોય એવો પરભાવ એટલે પાત્રસ્વભાવ સાધીને હું એ જ (દુષ્યાન્તાદિ) છું એવું મનમાં સતત અનુસંધાન રાખવું અને એને અનુરૂપ આચરણ વાણીથી, અંગલીલાથી અને વેષથી આચરવું.

જેવી રીતે આત્મા એક દેહને ત્યાગી બીજા દેહમાં પ્રવેશ કરી પ્રથમ દેહના સુખદુ:ખાત્મક સ્વભાવનો ત્યાગ કરી બીજા દેહના સુખદુ:ખાત્મક પ્રભાવને ધારણ કરે છે તેવી રીતે નટ નાટ્યપ્રયોગ દરમ્યાન 'સ્વભાવ'નો ત્યાગ કરી 'પરભાવ'ને ગ્રહણ કરી પ્રેક્ષકો સમક્ષ રજુ થાય છે.

આમ ભરતમુનિએ નટ દ્વારા થતો પાત્રપ્રવેશ એ જાણે પરકાયાપ્રવેશ થતો હોવાનું જણાવી તેને અભિનયનું કાર્ય કહ્યું છે.

ટૂંકમાં અભિનય એટલે સ્વભાવનો ત્યાગ કરી પાત્રનો સ્વભાવ ધારણ કરી પાત્રાનુરુપ વેષ, વાણી, વર્તન દ્વારા નાટ્યના મુખ્યાર્થને રસાભિમુખ કરી પ્રેક્ષકોમાં સંક્રાન્ત કરવો તે. અભિનયમાં પાત્ર સાથે થતું રુપાનુસંધાન, ભાવાભિવ્યકિત, આયુ, વેષ, ગતિપ્રચાર, પાઠ્ય, ક્રિયાનો સમન્વય તથા મુખ્યાર્થનું મુર્તતા દ્વારા પ્રત્યાયન આ તમામ ક્રિયાઓનો સમાવેશ ભરતમુનિએ ઈંગિત કર્યો છે.